# પ્રેસનોટ

## પોરબંદર જીલ્લા ના માધવપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ મડર (ખુન) નાં ગુન્હાનો નાસતો ફરતો આરોપી ને અમદાવાદ સાબરમતી વિસ્તારમાંથી ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં અમદાવાદ શહેરના ગુન્હાઓના તેમજ બીજા જીલ્લાના ગુન્હાઓનાં નાસતા ફરતા (વોન્ટેડ) આરોપીઓને શોધી કાઢવા અન્વયે ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. શ્રી દિપન ભદ્રન સાહેબ તથા એ.સી.પી. શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓનાં માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ જે.એન.ચાવડા તેમજ સ્કોડનાં માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં નિકળેલ હતા. અને પેટ્રોલીંગ દરમ્યાન સાથે ના સ્ટાફના પો.કોન્સ. મહેશકુમાર લવજીભાઇ તથા પો.કોન્સ. કરણસિંહ રવસિંહ નાઓને મળેલ બાતમી હકિકત આધારે પોરબંદર જીલ્લા ના માધવપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨/૨૦૧૫ ઇપીકો કલમ ૩૦૨ વિગેરે મુજબનાં ગુનાના કામે આરોપી સુર્યાભાઇ ઉર્ફે સંદીપ ઉર્ફે ઘેડીયો લીલાભાઇ મોકરીયા (કોળી) રહે. ગામ. મંડેલ, તા.જી. પોરબંદર તથા સહ આરોપી સરમણ મેણન ખેર રહે. ગામ. મંડેલ, તા.જી. પોરબંદર નાઓએ ભેગા મળી ફરીયાદી ના પતિ હકાભાઇ રામભાઇ વાસણ રહે. ગામ. મંડેલ, તા.જી. પોરબંદર વાળા ની હત્યા કરેલ હતી. જેમા સહ આરોપી સરમણ મેણન ખેર પકડાઇ ગયેલ હતો. અને સદર આરોપી સુર્યાભાઇ ઉર્ફે સંદીપ ઉર્ફે ઘેડીયો લીલાભાઇ મોકરીયા (કોળી) અમદાવાદ ખાતે નાસી આવી સાબરમતી, રામનગર ચોક ખાતે ફુટપાથ પર રહેતો હતો. જેને પકડી અટક કરી પોરબંદર માધવપુર પોલીસ સ્ટેશન ખાતે સૌપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ આરોપી ની પુછપરછ કરતા પોતે તથા સહ આરોપી સરમણ મેણન ખેર તથા મરનાર હકાભાઇ રામભાઇ વાસણ ત્રણેય એક જ ગામના વતની છે. તેમજ ત્રણેય સાથે બેસી દારુ પીવાની ટેવ વાળા હોવાનુ જણાયેલ છે. જેઓ ત્રણેય ગઇ તા.૯/૧૦/૨૦૧૫ ના રોજ સવાર ના સમયે પકડાયેલ આરોપીના પડતર વાડાની ઓરડીમાં દારુ પીવા માટે બેઠેલા હતા. જ્યારે મરનારે દારુ પીધેલ ન હતો જેણે સહ આરોપી સરમણ મેણન ખેર ને પોતાની પત્નિ સાથે આડા સબંધ હોવા અંગેની વાત કરતા બોલાચાલી થયેલ જેમાં પકડાયેલ આરોપી તથા સહ આરોપીઓએ ખાટ્લાની લાકડાની ઇંસ વડે મરનાર ના માથાના ભાગે ઇજાઓ કરી ખુન કરેલ હતું. જેમાં સહ આરોપી સરમણ મેણન ખેર બનાવ સમયે પોલીસ માં પકડાઇ ગયેલ હતો. અને હાલ પકડાયેલ આરોપી સુર્યાભાઇ ઉર્ફે સંદીપ ઉર્ફે ઘેડીયો લીલાભાઇ મોકરીયા (કોળી) ત્યાંથી ભાગી અમદાવાદ આવી રહેતો હતો.

સદર પકડાયેલ આરોપી સુર્યાભાઇ ઉર્ફે સંદીપ ઉર્ફે ઘેડીયો લીલાભાઇ મોકરીયા (કોળી) માધવપુર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશન, મારા-મારી, તથા પોતાની પાસે તિક્ષ્ણ જીવલેણ હથિયારો રાખવા, તેમજ ચોરીઓ કરવાના ઇરાદે મળી આવવા વિગેરે મુજબના ૪૨ જેટલા ગુનાઓમાં પકડાઇ ચુકેલ છે તેમજ હીસ્ટ્રીશીટર છે. તેમજ શાહપુર, વેરાવર પોલીસ સ્ટેશન ખાતે પણ ૬ જેટલા મારામારી ના ગુનાઓમાં પકડાઇ ચુકેલ છે.